# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-10-2024** **MIDDAY : 2.30 to 2.35**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# 16TH Finance Commission

16મા નાણાપંચની કેન્દ્રીય ટીમ રાજ્યની ત્રણ દિવસની મુલાકાતે છે. ટીમના સભ્યોએ આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે બેઠક કરી હતી તેઓ રાજ્ય સરકારના અધિકારીઓ સાથે તથા વિરોધ પક્ષ કોંગ્રેસના નેતાઓ ઉપરાંત શહેરી અને ગ્રામિણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના અધિકારીઓ અને પ્રતિનિધીઓ સાથે પણ બેઠક કરશે.

આ ટીમ રાજ્ય સરકારની રજૂઆતોને ધ્યાનમાં લઈને વિવિધ યોજનાઓ માટે નાણાની ફાળવણી અંગેનો નિર્ણય લેશે.

ઉલ્લેખનીય છે કે, નાણાપંચ દેશનાં વિવિધ રાજ્યોની મુલાકાત લે છે અને જે તે રાજ્યની વસ્તી અને રજૂઆતોને આધારે વિવિધ યોજનાઓમાં નાણાંની ફાળવણી કરે છે.

---

- પીટીસી ગાંધીનગર અનિલ

-(NAVIN)

# PM Modi Vadodara Visit

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાચેઝ 28 ઓક્ટોબરે વડોદરાની મુલાકાત લેશે. જે અંતર્ગત વડોદરા મહાનગરપાલિકા દ્વારા પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. તાજેતરમાં આવેલા પૂર બાદ રસ્તા પર પડેલા ભૂવા અને ક્ષતિગ્રસ્ત રસ્તાઓનું સમારકામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવી રહ્યું છે. મહાનગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય માર્ગો, ડિવાઇડરો, ફૂટપાથ અને જાહેર સ્થળોની સફાઈ કરવામાં આવી રહી છે. જાહેર માર્ગોનું સૌંદર્યીકરણ અને વૃક્ષારોપણ પણ કરવામાં આવી રહ્યું છે. શહેરનાં પ્રતીક સમાન સ્થળો એમ.એસ. યુનિવર્સિટી, કીર્તિ મંદિર, ન્યાય મંદિર અને લક્ષ્મીવિલાસ પેલેસને આકર્ષક અને વિશિષ્ટ લાઈટિંગથી સજાવવામાં આવ્યા છે અને રંગરોગાન પણ કરવામાં આવી રહ્યું છે.

બંને દેશોનાં પ્રધાનમંત્રીઓ વડોદરા ખાતે મહત્વાકાંક્ષી એરબસ પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે અને મહત્વની દ્વિપક્ષીય બેઠક પણ કરશે. ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રીએ બે વર્ષ પહેલાં, 30 ઓક્ટોબર, 2022ના રોજ વડોદરા ખાતે આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો.

---

- -યાદી અનિલ

-(NAVIN)

# Polic Smruti Divas

આજે પોલિસ સ્મૃતિ દિવસ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે દેશનાં પોલિસકર્મીઓની બહાદુરી અને બલિદાનની પ્રશંસા કરી છે. એક  સોશિયલ મિડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ લોકોની સલામતી સુનિશ્ચિત કરવા પોલિસકર્મીઓનાં અતૂટ સમર્પણને બિરદાવતા જણાવ્યું કે, તેઓ સાહસ અને દ્રઢ સંકલ્પનું ઉદાહરણ છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એક સોશિયલ મિડીયા પોસ્ટમાં જણાવ્યું કે, આ પ્રસંગ પોલિસકર્મીઓ અને તેમનાં પરિવારજનોએ રાષ્ટ્રને સલામત રાખવા કરેલા નિઃસ્વાર્થ બલિદાનને યાદ કરવાનો છે.

ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ આજના દિવસ નિમિત્તે સુરતના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે શહિદોને શ્રદ્ધાંજલી આપી હતી.

------------------------------------------------------------------

- -પીટીસી, સુરત, પુલ અનિલ -(NAVIN)

# ANKLESHWER DRUG

સુરત અને ભરૂચ પોલીસે સંયુક્ત રીતે હાથ ધરેલા ઓપરેશનમાં અંદાજે 250 કરોડ રૂપિયાનું ડ્રગ્સ ઝડપ્યું છે.

સુરત પોલીસે વેલજા વિસ્તારમાંથી બે કિલો 100 ગ્રામ એમ.ડી. ડ્રગ્સ કબજે કર્યું હતું. આરોપીઓ અંકલેશ્વરથી સુરત આ જથ્થો લઈ જઈ રહ્યા હતા.

પોલીસે કંપની સંચાલક સહિત અન્ય બે આરોપીઓની ધરપકડ કરી છે. અગાઉ અંકલેશ્વર જી.આઈ.ડી.સી.ની એક કંપનીમાંથી પાંચ હજાર કરોડ રૂપિયાનું માદક દ્રવ્ય ઝડપાયું હતું.

------------------------------------------------------------------------

- પીટીસી – ભરૂચ, બકુલા -(NAVIN)

# SURAT GOLD SEIZED

સુરત રેલવે સ્ટેશન પરથી 80 કરોડ રૂપિયાના સોના સાથે 2 લોકોની અટકાયત થઈ હોવાના અહેવાલ છે. સોના સાથે અમદાવાદથી ટ્રેનમાં મુંબઈ જતાં આ બંનેને ડિરેક્ટોરેટ ઑફ રેવન્યૂ ઇન્ટેલિજેન્સ – D.R.I.એ પકડી પાડ્યા હતા. બંનેની તપાસ કરતા 10 કિલો સોનું પકડાયું હતું અને આ સોનું દુબઈથી લાવ્યા હોવાનું સામે આવ્યું છે. D.R.I.એ તપાસ કરતાં આ બંને લોકો અમદાવાદ હવાઈમથક પર ઉતર્યા હતા. ત્યારબાદ મુંબઈ જઈ રહ્યા હતા.

---------------------------------------------------------------------

- (HINDUSTHAN SAMACHAR – PRAVESH)

-(NAVIN)

# HELMET COMPALSORY

રાજ્યમાં આજથી સરકારી કચેરીઓમાં હેલ્મેટ ફરજિયાત બનાવાયું છે. ગુજરાત વડી અદાલતના આદેશ બાદ રાજ્ય સરકારના સામાન્ય વહિવટ વિભાગે પરિપત્ર કરીને ફરજ પર આવતા કર્મચારીઓ માટે હેલ્મેટ ફરજીયાત પહેરવા આદેશ કર્યો છે. આ ઉપરાંત પાછળ બેસનારે પણ હેલ્મેટ ફરજીયાત પહેરવું પડશે.

ગાંધીનગરમાં સચિવાલયના તમામ વિભાગો, રાજ્યની તમામ સરકારી-અર્ધસરકારી કચેરીઓ, બોર્ડ, નિગમો, પૂર્ણ કે આંશિક સરકારી અનુદાન લેતી સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં હેલ્મેટ ફરજિયાત કરાયું છે.

---------------------------------------------------------------------------

- પીટીસી- ગાંધીનગર – હર્ષલ પંડ્યા

-(NAVIN)

# SEOC RAIN DATA

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 25 જિલ્લાના 69 તાલુકામાં સામાન્ય વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. રાજ્યમાં આજે સવારે 6 વાગ્યા સુધીમાં સરેરાશ કુલ એક હજાર 261 મિલિમીટર એટલે કે, 143 ટકા વરસાદ નોંધાયો છે. છેલ્લા ત્રણ વર્ષનો આ સૌથી વધુ વરસાદ છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા બંધમાં 100 ટકાનો જળસંગ્રહ થયો છે. જ્યારે 164 બંધ હાઈ-અલર્ટ, સાત બંધ અલર્ટ અને 14 બંધ ચેતવણી પર રખાયા છે. જ્યારે હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે.

---------------------------------------------------------------------

- (SEOC PRESS NOTE – PRAVESH)

-(NAVIN)

# RAIN

અરબ સાગરમાં લો પ્રેશર સર્જાતા ગુજરાતમાં બે સિસ્ટમ એક સાથે સક્રિય હોવાથી આગામી 36 થી 48 કલાક દરમિયાન દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતાઓ છે. આજે ઉત્તર ગુજરાતને બાદ કરતા રાજ્યભરમાં મધ્યમથી ભારે વરસાદની ચેતવણી છે. બે દિવસ બાદ વરસાદની તીવ્રતા ઘટી શકે છે. આજે વહેલી સવારે અમદાવાદ શહેરમાં ભારે ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો.

હવામાન વિભાગના ડાયરેક્ટર એકે દાસના જણાવ્યા પ્રમાણે આજે અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન 34 થી 35 ડિગ્રી સેલ્સિયસ ની આસપાસ રહેવાની શક્યતાઓ છે

---------------------------------------------------------------------

- ડેસ્ક, અનિલ પટેલ - -(NAVIN)

# MEHSANA FENCING YOJANA

મહેસાણા જિલ્લામાં આ વર્ષે 174 ખેડૂતોએ તાર ફેન્સીંગ યોજનાનો લાભ લીધો છે. જિલ્લાના અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે, પશુઓથી પાકને થતા નુકસાનને અટકાવવા માટે લાભાર્થી ખેડૂતોને અત્યાર સુધી 2 કરોડ 83 લાખ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. 10 તાલુકામાં સૌથી વધુ લાભ લેનારા 26 ખેડૂત કડી તાલુકાના છે. જ્યારે બેચરાજી તાલુકામાં સૌથી ઓછા સાત ખેડૂતોએ યોજનાનો લાભ લીધો હતો.

---

- (પીટીસી - જયંતિ. ચૌધરી, મહેસાણા – પ્રવેશ)

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................